# જિલ્લાની ૧૭૯ ગ્રામ પંચાયતમાં ૧૯મી ડિસેમ્બરે મતદાન યોજાશે

**૧૭૯ સરપંચો -૧૬૦૦ થી વધુ પંચાયતના સભ્યો માટે મતદાન : ગાંધીનગર-દહેગામમાં સૌથી વધુ પંચાયતોની ચૂંટણી : આ બે તાલુકામાં ૨.૫૦ લાખથી વધુ મતદારો : જિલ્લામાં ૪ લાખથી વધુ મતદારો તેમના જન પ્રતિનિધિઓની ચૂંટણી કરશે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૭૯ ગ્રામ પંચાયતો સહિત રાજ્યની ૧૦,૮૧૯ જેટલી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજવા અંગે આજે રાજ્ય ચૂંટણી પંચે જાહેરાત કરતાની સાથે જ ગ્રામ્ય વિસ્તારમાં આચારસંહિતાનો અમલ શરૂ થઈ જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લાની ૧૭૯ ગ્રામ પંચાયતો અને ૧૬૦૦થી વધુ વોર્ડ સભ્યો માટે યોજાનારી આ ચૂંટણીમાં ૪,૨૭,૮૧૧ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકાની ૫૪, દહેગામની ૮૪, કલોલની ૧૧ અને માણસાની ૩૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાશે.

ગ્રામ પંચાયોતની આ સામાન્ય ચૂંટણીઓ બેલેટ પેપરથી યોજવામાં આવનાર હોવાથી તંત્રએ પણ તેની તૈયારીઓ વેગીલી બનાવી છે. બેલેટ બોક્ષની ચકાસણી પણ હાથ ધરી દેવામાં આવી છે જે રવિવાર સુધીમાં સંપન્ન થઈ જશે તેમ જાણવા મળેલ છે.

પંચાયતોની આ ચૂંટણીઓ પક્ષીય ચિહ્નો પર લડાતી હોતી નથી આમ છતાં આ ચૂંટણીઓનું મહત્વ વિશેષ છે. આ ચૂંટણીઓને લઈ રાજકીય નેતાઓની બેઠકોનો સિલસિલો વધી જવા પામ્યો છે.

જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ ગ્રામીણ રાજકારણમાં ઉત્તેજનાઓ સાથે પેનલો તૈયાર કરવામાં આવી રહી છે.

આ પંચાયતોની ચૂંટણીઓમાં ગાંધીનગર અને દહેગામમાં મતદારો અને પંચાયતોની સંખ્યા વધુ છે. આ બે તાલુકામાં જ ૨.૫૦ લાખથી વધુ મતદારો છે.

આ ચૂંટણીઓ માટે ૨૯મી નવેમ્બરના રોજ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે. આ દિવસથી જ ઉમેદવારી પત્રો ભરી શકાશે. ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૪ ડિસેમ્બર છે. ૬ ડિસેમ્બરના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે જ્યારે ૭મી ડિસેમ્બરે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ ચૂંટણી માટે ૧૯મી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે અને ૨૧મી ડિસેમ્બરના રોજ જે તે તાલુકા મથક પર મતગણતરીની કામગીરી હાથ ધરવામાં આવશે.



શિયાળો શરૂ થાય એટલે વાતાવરણમાં પરિવર્તન આવે. ઠંડી વધે સાથે જ પ્રકૃતિ નીત નવા રૂપ ધારણ કરે છે. ચોમાસામાં વરસાદમાં તરોતાજા બનેલા વૃક્ષો સમગ્ર ગાંધીનગરને નવો શણગાર આપી રહ્યા છે. લીલી ચાદર જાણે શહેરે ઓઢી લીધી હોય તેવુ લાગી રહ્યુ છે.

## ધો. ૧૦ માં ગણિત બેઝિક વિષય રાખનારને વિજ્ઞાન પ્રવાહમાં 'બી-ગૃપ'માં પ્રવેશ મળશે

**વિદ્યાર્થીઓની કારકિર્દીને અનુલક્ષી શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ મહત્વનો નિર્ણય કર્યો**

ગાંધીનગર, તા. ૨૨

ધો. ૧૦માં ગણિત બેઝિક વિષય રાખનાર વિદ્યાર્થીઓ પણ હવે ધો. ૧૧માં વિજ્ઞાનપ્રવાહ બી. ગૃપમાં પ્રવેશ મેળવી શકશે. ધો. ૧૦ ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થીએ જો ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહમાં એ અથવા એબી ગૃપમાં પ્રવેશ મેળવવો હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષા દરમિયાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરવાની રહેશે તેમ પણ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ચાલતી આ નિર્ણાયક સરકાર દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓના હિતમાં શિક્ષણ વિભાગ સંલગ્ન અનેક નિર્ણયો લીધા છે ત્યારે આજે વધુ એક વિદ્યાર્થી હિતલક્ષી અતિ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવી શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે ધોરણ-૧૦માં ગણિત બેઝિક વિષય રાખનાર વિદ્યાર્થીઓ પણ હવે ધોરણ-૧૧માં વિજ્ઞાન પ્રવાહ બી-ગૃપમાં પ્રવેશ મેળવી શકશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આજથી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાનું કાર્ય શરૂ થઈ ગયું છે ત્યારે ધોરણ-૧૦ના ગણિત બેઝિકના વિદ્યાર્થીઓ ધોરણ-૧૧માં વિજ્ઞાન પ્રવાહ બી ગ્રુપમાં પ્રવેશ મેળવી શકે તે માટેનો જરૂરી નિર્ણય લેવામાં આવ્યો છે. હાલની જોગવાઈ મુજબ જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦માં ગણિત બેઝિક રાખ્યું હોય તે વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ વિજ્ઞાન

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાનો વધુ એક કેસ ટી.પી. ૯ (સરગાસણ)માં નોંધાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં આજે વધુ એક કેસ કોરોનાનો નોંધાયો છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે આ માસમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સરગાસણના ટી.પી. ૯ વિસ્તારમાં રહેતા ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું જાણવા મળેલ છે.

**શહેરમાં આજે માત્ર ૧૩૮૫ લોકોને જ વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૭૨૮૫ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.**

મળતી વિગતો પ્રમાણે આ દર્દી અમદાવાદની એક ખાનગી હોસ્પિટલની મુલાકાતે વારંવાર ગયા હતા. આ દર્દીના પરિવારની બે વ્યક્તીના નમૂના લઈ અને તપાસ માટે મોકલી આપવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતા ઘેરી બની છે. તંત્રએ પણ વેક્સિનેશન અભિયાનની સાથે સર્વેલન્સની કામગીરી તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરી છે.

આજે નોંધાયેલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલ કેસ સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૪ પર પહોંચી છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં આ વખતે હોસ્પિટલાઈઝેશન નહિવત હોવાથી તંત્રને થોડીક રાહત છે. જો કે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓ દ્વારા તેના નિયમોની અમલવારી થાય તે જોવા તંત્રને સૂચના આપી હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં વેક્સિનેશન અભિયાનમાં લોકોની ઉદાસીનતાને લઈ પણ તંત્ર મુંઝવણમાં છે. શહેરમાં આજે માત્ર ૧૩૮૫ લોકોને જ વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૭૨૮૫ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

## મતદારયાદી સુધારણા માટે ૨૭,૫૪૩ અરજીઓ મળી

**૧૮થી ૧૯ની વયજૂથની ૮ હજાર અરજીઓ મળી; સૌથી વધુ ગાંધીનગર(દ) અને ગાંધીનગર(ઉ)માં અરજીઓ મળી : શનિ-રવિ દરમ્યાન સળંગ બે દિવસ ખાસ ઝુંબેશ યોજાશે**

ગાંધીનગર, તા. ૨૨

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલ મતદારયાદી સુધારણા ઝુંબેશ સંપન્ન થવાની આડે હવે ગણતરીના દિવસો બાકી છે. ચૂંટણીતંત્રને જિલ્લામાં મતદારયાદી સુધારણામાં અત્યાર સુધીમાં ૨૭,૫૪૩ અરજીઓ મળી છે.

ગઈકાલે યોજાયેલ ખાસ ઝુંબેશ દરમ્યાન ૧૪,૩૩૨ અરજીઓ તંત્રને મળી હતી. જેમાં ૭,૪૮૭ અરજીઓ નામ દાખલ કરવા માટે, ૧૧૧૦ નામ કમી કરવા માટે તેમજ ૪૮૧૫ સુધારા-વધારા માટે અને ૯૨૦ રેસીડેન્સીયલ એડ્રેસમાં થયેલા ફેરફારને લઈ અરજીઓ મળી હતી. ગઈકાલની આ ઝુંબેશ દરમ્યાન જિલ્લાના નિમાયેલ નિરીક્ષક સંદીપકુમાર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઠક્કર, પ્રાંત અધિકારી ભોરણિયા, પ્રાંત અધિકારી એ.ડી. જોશીએ મતદાન મથકોની મુલાકાત લીધી હતી અને ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ૧૮ થી ૧૯ વર્ષના વયજૂથના યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અંદાજે ૮ હજારથી વધુ અરજીઓ આ વયજૂથની મળી હોવાનું જાણવા મળેલ છે.

**૧૫,૯૫૩ અરજીઓ નામ દાખલ કરવા માટે, ૩૦૨૬ નામ કમી કરવા માટે, ૬૯૨૫ સુધારા-વધારા માટે તેમજ ૧૬૩૯ જેટલી અરજીઓ એડ્રેસમાં થયેલ બદલાવને લઈ મળી છે**

જિલ્લામાં જે ૨૭,૫૪૩ અરજીઓ મળી છે તેમાં ૧૫,૯૫૩ અરજીઓ નામ દાખલ કરવા માટે, ૩૦૨૬ અરજીઓ નામ કમી કરવા માટે, ૬૯૨૫ અરજીઓ સુધારા-વધારા માટે તેમજ ૧૬૩૯ જેટલી અરજીઓ એડ્રેસમાં થયેલ બદલાવને લઈ મળી છે.

આગામી શનિ-રવિ દરમ્યાન આ મતદાર યાદીની ખાસ ઝુંબેશ સળંગ બે દિવસ યોજવામાં આવનાર હોવાથી આ માટે પણ તંત્રએ અલગથી તૈયારીઓ હાથ ધરી છે. સળંગ બે દિવસની ઝુંબેશ પ્રથમવાર યોજાઈ રહી છે. ૩૦મી નવેમ્બર સુધી જ આ ઝુંબેશ ચાલવાની છે. આ પછી મળેલ હક્ક-દાવાઓની ચકાસણી હાથ ધરવામાં આવશે અને જાન્યુઆરી-૨૨માં મતદારયાદી પ્રસિદ્ધ કરાશે.

વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે આ મહત્વની ઝુંબેશ હોવાથી રાજકીય પક્ષોએ પણ આ વખતે સક્રિયતામાં વધારો કર્યો છે.

જિલ્લામાં નામ દાખલ કરવા માટે સૌથી વધુ અરજી ગાંધીનગર(દ)માં ૫૭૭૫, ગાંધીનગર(ઉ)માં ૩૭૧૦, કલોલમાં ૨૬૮૨, દહેગામમાં ૨૧૯૬ અને માણસામાં ૨૦૦૦ અરજીઓ મળી છે.

## શહેરમાં ઠંડીની મોસમમાં ગરમીનુ સામ્રાજય : લઘુત્તમ તાપમાન પણ ૨૨ ડીગ્રી

**નગરજનો ઉકળાટથી બેચેન : લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૦ ડીગ્રીનો તફાવત : મહત્તમ તાપમાન પણ ૩૨ ડીગ્રીને પાર પહોંચી ગયુ**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં શિયાળાની મોસમ હજુ જામી નથી ગુલાબી ઠંડી પડવાની શરૂઆત જ થઈ હતી ત્યાં વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમનો મિજાજ એકાએક બદલાતા હાલ નગરજનો ગરમી અનુભવી રહ્યા છે. આજે લઘુત્તમ તાપમાન ૨૨ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ.લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૦ ડીગ્રીનો તફાવત જ જોવા મળ્યો હતો. શહેરીજનોને ભર શિયાળે ગરમીનો અહેસાસ થતા ઓફિસ અને ઘરોમાં એસી ધમધમતા થયા હતા.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાન અગાઉ ૧૬ ડીગ્રીની આસપાસ રહેતુ હતુ જયારે હવે ૨૨ ડીગ્રી સુધી પહોંચી ગયુ છે. છેલ્લા ચાર દિવસમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડીગ્રીમાંથી આજે ૨ ડીગ્રીના વધારા સાથે ૨૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. ઓફિસ અને ઘરોમાં એસી ધમધમતા થઈ ગયા હતા. જયારે મહત્તમ તાપમાનમાં પણ છેલ્લા ચાર દિવસમાં જ ૪.૫ ડીગ્રી ઉંચકાયુ છે. એકબાજુ ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. બીજીતરફ ગરમીનુ પ્રમાણ પણ વધતા ઠંડી ગરમી વચ્ચેનો તફાવત માત્ર ૧૦ ડીગ્રીનો જ રહી ગયો છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૨.૫ ડીગ્રી રહ્યુ હતુ. જેના લીધે દિવસનો તાપ પણ આકરો બન્યો હતો. જયારે અસહ્ય ઉકળાટના

● અનુસંધાન પાન-૭ પર

## સરગાસણમાં એપ્રિલ સુધીમાં અદ્યતન ગુડા ભવન તૈયાર થશે

**ગુડા ભવનના નિર્માણ પાછળ રૂ ૧૩ કરોડનો ખર્ચ : ૨.૫૦ કરોડના ખર્ચે ફર્નિચર પણ બનશે : અધિકારીઓ અને મુલાકાતીઓ માટે અદ્યતન સુવિધા ઉપલબ્ધ કરાશે : હાલ સાંકડી જગ્યામાં કાર્યરત ગુડાની કચેરીમાં અધિકારીઓને મુંઝવણરૂપ સ્થિતિ : ગ્રાઉન્ડ ઉપરાંત ત્રણ મજલાના બિલ્ડીંગમાં તમામ સુવિધા ઉપલબ્ધ કરાશે**

ગાંધીનગર તા ૨૨

ગુડા ભવન તૈયાર કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આગામી એપ્રિલ મહીના સુધીમાં સરગાસણ ખાતે ગુડા ભવન તૈયાર થઈ જશે. ત્રણ માળની અદ્યતન કચેરીનુ નિર્માણ કરવા માટે અંદાજિત રૂ ૧૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. બિલ્ડીંગના બાંધકામ સાથે અંદાજિત રૂ ૨.૫૦ કરોડના ખર્ચે ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. હાલ ગુડાની કચેરીમાં જરૂરી સુવિધાનો ભારોભાર અભાવ છે. જેના લીધે એક ચેમ્બરમાં ચાર અધિકારીઓએ બેસવાની નોબત આવી છે. હાલમાં અત્યંત સાંકડી જગ્યામાં ફાઈલોના ઢગ વચ્ચે કાર્યરત ગુડાના અધિકારીઓ અને સ્ટાફ સહીતનુ તંત્ર ટુંકમાં જ નવી કોર્પારેટ લુક ધરાવતી કચેરીમાં



સ્થાન લેશે.

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. પાણી ગટર અને રસ્તા સહીતના કામો તેજ ગતિએ હાથ ધરવામાં આવે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે ગુડાની કચેરીમાં જ હાલ ડગલે ન પગલે સમસ્યા સર્જાય તેવી સ્થિતિ છે. ઉદ્યોગ ભવનમાં ચોથા મજલા પર સ્થિત ગુડાની કચેરીમાં હાલ સંકડાશના લીધે અધિકારીઓને બેસવા માટે યોગ્ય જગ્યા પણ ન મળે તેવી સ્થિતિ છે. જેના લીધે એક ચેમ્બરમાં ચાર અધિકારીઓએ પણ ગોઠવાનો વારો આવ્યો છે. બીજીતરફ આ સ્થિતિને અનુલક્ષી ગુડા દ્વારા સરગાસણમાં નવુ ગુડા ભવન બાંધવાની યોજના હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરી હાલ તેજ ગતિએ ચાલી રહી છે. ગુડા ભવનને અનુલક્ષી વિવિધ પ્રકારની અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ગ્રાઉન્ડ ઉપરાંત ૩ માળની કચેરીનુ બિલ્ડીંગ તૈયાર થઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## વાવોલ-ઉવારસદ માર્ગ પર એલ ઈ ડી લાઈટના નવા ૭૦ થાંભલા નંખાશે

**સ્થાનિક સોસાયટીઓની પ્રબળ માંગણી આખરે સંતોષાશે : એલ ઇ ડી લાઇટના ફીટીંગ પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૨

વાવોલ ઉવારસદ માર્ગ વચાળે એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાય તે માટે એલ ઈ ડી લાઈટના ૭૦ નવા થાંભલા નાંખવામાં આવશે આ માર્ગ પર ૧૨૦ વોલ્ટની ટયુબ મુકવામાં આવશે જેના લીધે માર્ગ પર અજવાળુ ઝળહળતુ થશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે. એલ ઈ ડી લાઈટના નવા થાંભલા નાંખવામાં આવતા ટુંકમાં જ સ્થાનિક સોસાયટીના રહીશોને પણ રાહત થશે.

મહાત્મા મંદિર નજીકના વિસ્તારમાં સ્થિત ગોકુલપુરાથી ઉવારસદ સુધીના માર્ગ પર છેલ્લા ઘણાં સમયથી રાત્રિના સમયે અંધારુ જોવા મળે છે. જેના લીધે સ્થાનિક વિસ્તારમાં સ્થિત સોસાયટીના રહીશો પણ આ માર્ગ પર રોશની થાય તેવી આશા વ્યકત કરી રહ્યા છે. આ મામલે અનેકવાર અગાઉ રજુઆત પણ કરવામાં આવી છે. જયારે આ સ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા ગોકુલપુરા વાવોલ ઉવારસદ માર્ગ પર એલ ઈ ડી લાઈટના ૭૦ જેટલા નવા પોલ્સ નાંખવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. પાટનગર યોજના ભવનના વિદ્યુત શાખામાંથી મળતી માહીતી અનુસાર ગોકુલપુરાથી વાવોલ અને ઉવારસદ માર્ગ પર નવા ૭૦ એલ ઈ ડી લાઈટના થાંભલા નાંખવામાં આવશે. જેમાં ૧૨૦ વોલ્ટસની ટ્યુબ ફીટ કરવામાં આવશે. જેના લીધે રાત્રિના સમયે આ માર્ગ પરથી અંધારુ ઉલેચાશે. આ વિસ્તારમાં રહેણાંક સોસાયટીઓ પણ છે જેના લીધે લાંબા સમયથી આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી હતી. એકબાજુ વાઈબ્રન્ટ સમિટનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે ત્યોર વાઈબ્રન્ટને અનુલક્ષી સ્ટ્રીટ લાઈટના જરૂરી કામો પણ હાથ ધરવામાં આવ્યા છે. આવા સંજોગોમાં લાંબા સમયથી પેન્ડીંગ આ માર્ગનુ કામ પણ હાથ ધરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે. જયારે એલ ઈ ડી લાઈટનુ પુરતુ અજવાળુ માર્ગ પર પથરાતા સ્થાનિકોની મુંઝવણ પણ દુર થશે. ટુંકમાં ટેન્ડર પ્રકીયાના અંતે પોલ્સ ફીટ કરવાનુ કામ પણ શરૂ કરી દેવાશે. શહેરના સેકટરોમાં પણ પાંચ વર્ષ અગાઉ તમામ લાઈટીંગ પોલ્સનુ ફીટીંગ બદલી એલ ઈ ડી કરી દેવાયુ છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com